"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

| President : | Executive President : | Hon. Secretary : |
|---|---|---|
| SHRI VASANBHAI G. AHIR | SHRI MUKESHBHAI C. DAVE | SHRI HASMUKHBHAI N. BHAGDEV |
| (Gandhinagar) | (Ahmedabad) | (Rajkot) |
| (O) 079-23250205 (O) 079-23250206-09 | (O) 02718-261516 | (O) 0281-2460837 (O) 0281-2482185 |
| (F) 079-23250285 (M) 99250 25148 | (M) 98240 39477 | (F) 0281-2482186 (M) 93773 56801 |

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૦-૨૧/૨૦ તા.૦૮-૦૫-૨૦૨૧

ખાસ જરૂરી

પ્રતિશ્રી,
**માન.શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ**
માન. પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર,
શાહીબાગ, અમદાવાદ.

**<u>વિષય :-</u> <u>દરેક પ્રકારના વાહનોના દરેક પ્રકારના દસ્તાવેજો તેમજ ડ્રાઈવિંગ લાઈસન્સની વેલીડીટી બાબત</u>**

માનનીય શ્રી,

સવિનય જણાવવાનું કે ગઈકાલના રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા યોજાયેલ વેબનારમાં ઉપરોકત જણાવેલ મુદ્દે થયેલ ચર્ચા મુજબ અને આપશ્રી દ્વારા તે બાબતે કેન્દ્ર/રાજય સરકારના જાહેરનામાની વિગતો માંગતા આ સાથે મોકલી આપીએ છીએ.

૧. આપની જાણ સારૂં મીનીસ્ટ્રી એન્ડ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ, ન્યુ દિલ્હી દ્વારા તા.૨૬-૦૩-૨૦૨૧ના રોજ દરેક રાજયો અને યુનીયન ટેરીટરીઝ તેમજ લાગતા વળગતા વિભાગોને સ્પસ્ટ નિર્દેશ આપેલ કે કોવિડ પરિસ્થિતિને લીધે **મોટર વ્હીકલ એકટ તેમજ સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ**ને અન્વયે કોઈપણ પ્રકારના વાહનોના કોઈપણ દસ્તાવેજ જેવા કે ફીટનેશ સર્ટીફીકેટ, દરેક પ્રકારની પરમીટ, ડ્રાઈવિંગ લાઈસનસ કે વાહનના રજીસ્ટ્રેશનને લગતા કોઈપણ દસ્તાવેજ ૧, ફેબ્રુઆરી ૨૦૨૦ થી ૩૦, જૂન ૨૦૨૧ દરમ્યાન મુદત પુરી થતી હોય તો **તેને ૩૦, જૂન ૨૦૨૧ સુધી માન્ય રાખવા.** (તે હુકમની નકલ આ સાથે સામેલ રાખેલ છે.)

૨. કેન્દ્ર સરકારના તા.૨૬-૦૩-૨૦૨૧ની આ એડવાઈઝરી મુજબ ગુજરાત રાજયના વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી દ્વારા તા.૩૧-૦૩-૨૦૨૧ના રોજ ઉપરોકત જણાવેલ બાબતની સ્પષ્ટતા કરતી એડવાઈઝરી બહાર પાડવામાં આવેલ છે. (તે હુકમની નકલ આ સાથે સામેલ રાખેલ છે.)

3. આ ઉપરાંત જાણકારી મુજબની ચર્ચામાં અમોએ જણાવેલ કે રાજય સરકારની કેબીનેટમાં લીધેલ નિર્ણય મુજબ માસ્ક ન પહેરવા સિવાયના ગુના માટે પોલીસ વાહન ચાલકોને કોઈ દંડ ન કરે. તે અંગેની ચોખવટ જે ગુજરાત સમાચાર તેમજ નવગુજરાત સમયમાં સમાચાર રૂપે તા.૨૩-૦૪-૨૦૨૧ના રોજ પ્રદર્શિત થયેલ તેની નકલ જાણવા સારૂં સાથે બીડેલ છે.

વધારામાં અમોને મળતી ઘણી રજુઆતો મુજબ કરફયુ સમય દરમ્યાન ફેકટરી કે ગોડાઉન તરફ જતા કે માત્ર શહેરની હદમાંથી પસાર થતાં કોમર્શીયલ વાહનોને કરફયુ ભંગ અંગે રોકવામાં આવે છે કે દંડ કરવામાં આવે છે. જે અમો સમજીએ છીએ તે પ્રમાણે માલસામાનનું વહન તે આવશ્યક સેવામાં આવતું હોઈ આવી કનડગત ન થાય તેવા નિર્દેશ આપવા વિનંતી.

"Driving Salamat To Jivan Salamat"

**અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન**

**Akhil Gujarat Truck Transport Association**

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801



આપના દ્વારા રાત્રી કરફ્યુને કારણે માલવાહક વાહનોને બપોરે ૧.૦૦ થી ૪.૦૦ કલાક દરમ્યાન જે છુટ આપવામાં આવેલ છે તેમાં પણ ઘણી જગ્યાએ ખુલ્લા રાખેલ માર્ગો ઉપર "નો એન્ટ્રી" કહી રોકવામાં આવે છે તેમજ ભારે દંડકીય કાર્યવાહીની બીક બતાડવામાં આછે છે. તો તે અંગે સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવે તેવી અમારી વિનંતી છે.

આ સાથે ગઈકાલના વેબનારમાં એકસપોર્ટ-ઈમ્પોર્ટના કન્સાઈનમેન્ટ એરપોર્ટ ઉપરથી લગભગ રાત્રે આવે છે કે જાય છે. તે અંગે ચર્ચા થયેલ. તે સંદર્ભે તે જ વિસ્તારમાં આવેલ મીલીટ્રી સીએસડી ડેપોમાં માલ પહોચાડતા વાહનોને પણ દિવસ દરમ્યાનની નો એન્ટ્રી ને હિસાબે લાંબા સમય સુધી પડી રહેવું પડે છે. આ અગાઉ પણ આ મુદ્દે કરેલ રજુઆત મુજબ કે જયાં આ ડેપોમાં દિવસ દરમ્યાન આશરે વધુમાં વધુ ૨૦ થી ૨૫ નાના મોટા વાહનોની અવર-જવર હોય છે. તો તેને પણ ત્યાં જવાના રૂટ નિર્દેશ સાથે ૨૪ કલાક માટે છુટ આપવા વિનંતી છે.

અમોએ પહેલા પણ જેસીપી ટ્રાફિક તેમજ ડીસીપી ટ્રાફિક સાથે આપશ્રીને કરેલ રજુઆત બાબતે મીટીંગ કરેલ અને તેમાં જણાવેલ કે અમદાવાદનો એસ.પી. રીંગ રોડ જે દરેક પ્રકારના વ્યાપારીક વાહનો માટે ખુલ્લો છે પણ તે રીંગરોડ ઉપરથી શહેરમાં આવેલ ઔદ્યોગિક વસાહતોમાં જવા માટે એન્ટ્રી માર્ગો ઉપર બંધી હોઈ વાહન માલિકો તેમજ ઈન્ડસ્ટ્રી બંનેને રો-મટીરીયલ મેળવવામાં અને ફીનીશ્ડ ગુડઝને મોકલવામાં તકલીફ પડે છે. વધુમાં આપની જાણ સારૂં રીંગરોડથી આવા ઔદ્યોગિક વસાહતો ૫૦૦ મીટર કે ૧.૦૦ કી.મીના અંતરે આવેલ છે. આ બાબતની વાત પણ ગઈકાલના વેબનારમાં વટવા, કઠવાડા અને નરોડા ઈન્ડસ્ટ્રીઝના હોદ્દેદારોએ કરેલ.

અમને આશા છે કે આપ ઉપર જણાવેલ મુદ્દે યોગ્ય નિર્ણય લઈ નિર્દેશ આપશો.

આપના સહકારની અપેક્ષા સહ

આપના વિશ્વાસુ,

મુકેશભાઈ સી. દવે
(કાર્યકારી પ્રમુખ)

હસુભાઈ એન. ભગદે
(માનદમંત્રી)

સામેલ : ઉપર મુજબ

નકલ રવાના :
૧. પ્રમુખશ્રી/માનદમંત્રીશ્રી-ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, અમદાવાદ.
૨. પ્રમુખશ્રી/માનદમંત્રીશ્રી-અખિલ ગુજરાત પ્રવાસી વાહન સંચાલક મહામંડળ, અમદાવાદ.